## પરિશિષ્ટ - 2
## રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ

એક્સચેન્જ સ્પષ્ટ અથવા ગર્ભિત રીતે કોઈ બાંયધરી આપતું નથી કે આ ખુલાસા દસ્તાવેજો પૂર્ણ છે અથવા તે પૂર્ણ હોવા અંગે કે ચોક્સાઈ અંગે કોઈ રજુઆત કરવામાં આવતી નથી, કે એક્સચેંજ કોમોડિટી ડેરિવિટીવ્ઝ(Commodity Derivatives) માર્કેટ/ટ્રેડિંગમાં  કોઈપણ હિસ્સેદારનું સમર્થન કે પ્રચાર કરતા નથી. આ ટૂંકા ખુલાસાના નિવેદનમાં ટ્રેડિંગના તમામ જોખમો અને અન્ય મહત્વના પાસાને આવરી લેવાયા નથી. આથી તમારે તેમાં સંકળાવવા પહેલાં કાળજીપૂર્વક ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગનો અભ્યાસ કરવો જોઇએ.

સંલગ્ન જોખમોના સંદર્ભમાં, તમે જેમાં પ્રવેશવાના છો તે કરાર સંબંધની પ્રકૃતિને બરાબર સમજો અને તમારા માટે કેટલું જોખમ છે તે સમજો પછી જ તમારે સોદા કરવા જોઈએ.

તમારે એ હકીકત જાણવી અને સમજવી જોઈએ કે કોમોડિટી(Commodities) ભવિષ્યના કરારો/ ડેરિવેટિવ્ઝ અથવા કોમોડિટી એક્સચેંજ (Commodity Exchanges) પર રોકાણ થતા અને વિવિધ પ્રકારનું જોખમ ધરાવતા અન્ય સાધનોમાં સોદા કરવા મર્યાદિત સ્રોત/મર્યાદિત રોકાણ અને/અથવા ટ્રેડિંગનો અનુભવ કે ઓછી જોખમ ક્ષમતા ધરાવતી વ્યક્તિ માટે યોગ્ય નથી. તેથી તમારે કાળજીપૂર્વક વિચારવું જોઈએ કે તમારી નાણાકીય સ્થિતિને ધ્યાનમાં રાખતા આ પ્રકારન સોદા તમારા માટે યોગ્ય ગણાય કે નહીં. જો એક્સચેંજમાં તમે સોદા કરો અને તમને વિપરીત પરિણામો અથવા નુકસાન જાય તો,તેના માટે માત્ર તમે જવાબદાર હશો અને એક્સચેંજ તેના માટે કોઈપણ રીતે જવાબદાર રહશે નહીં, અને એવી અરજી નહીં કરી શકાય કે સંકળાયેલા જોખમ અંગે પૂરતા પ્રમાણમાં ખુલાસો કરવામાં આવ્યો ન હતો અથવા સંબંધિત સભ્ય (Members / Stock Brokers) દ્વારા તમને જોખમની સંપૂર્ણ માહિતી આપવામાં આવી ન હતી. ગ્રાહક (client / investor)તમામ પરિણામ માટે પોતે જવાબદાર હશે અને તેના અંગે કોઈ કરાર થઈ શકશે નહીં.

તમારે એ માનીને સ્વીકૃતિ આપવી જોઇએ અને સ્વીકારવું જોઈએ કે એક્સચેંજમાં કોમોડિટીઝ ડેરિવેટિવ્ઝની ખરીદી અને/અથવા વેચાણ પર નફો થવાની કે ખોટ નહીં થવાની કોઈ ગેરંટી આપી શકાય નહીં.

તમારે એ સ્પષ્ટ રીતે સમજવું જોઈએ કે સભ્ય મારફત એક્સચેંજમાં તમારા સોદા સભ્ય દ્વારા નક્કી કરવામાં આવેલી કેટલીક વિધિને પૂર્ણ કરવાને આધિન રહેશે, *બીજી બાબતોની સાથોસાથ,* તેમાં તમારા ગ્રાહકને જાણો ફોર્મ ભરવું સામેલ છે, તથા નિયમો, પેટાનિયમો અને વ્યપારના નિયમો, SEBI દ્વારા સમયાંતરે નિર્ધારિત માર્ગદર્શિકાને આધિન છે અને પરિપત્રો કે જે એક્સચેંજીસ અથવા દ્વારા સમયાંતરે જાહેર કરાઇ શકાશે.

એક્સચેંજીસ કોઈ સલાહ આપતા નથી કે તે માટેની ભલામણ કરતા નથી અને એક્સચેંજના કોઇપણ સભ્ય સાથે કે આ દસ્તાવેજમાં સમાવિષ્ટ કોઇપણ માહિતીના આધારે ત્રીજા પક્ષકાર સાથે વ્યવસાયના સંબંધમાં દાખલ થયેલ કોઈપણ

વ્યક્તિને જવાબદાર રહેશે નહીં. આ દસ્તાવેજમાં આપવામાં આવેલી કોઈપણ માહિતીને વ્યાપારની સલાહ/ રોકાણની સલાહ ગણવી જોઈએ નહીં. આ પ્રકારના સોદા સાથે સંકળાયેલ જોખમોને સમજ્યા વગર કે તેની સમીક્ષા વગર સોદાનો કોઈ વિચાર કરવો જોઈએ નહીં. તમને કોઈ બાબતની શંકા હોય તો, તેના માટે વ્યવસાયિક સલાહ મેળવો.

સોદા કરવા કે નહીં તે નક્કી કરતા પહેલાં તમારે નીચેની બાબતોથી વાકેફ થવું જરૂરી છે:-

**1. એક્સચેંજના કોમોડિટીના ભવિષ્યના કરારો અને અન્ય કોમોડીટી ડેરિવેટિવ્સ સાધનોના ટ્રેડિંગ સાથે સંકળાયેલ મૂળ જોખમો.**

**i. વધારે વોલેટિલિટી (અસ્થિરતા)નું જોખમ**

કોમોડીટી એક્સચેંજમાં ટ્રેડિંગ પ્રવૃત્તિ ચાલુ હોય ત્યારે કોમોડીટી ડેરિવેટિવ્સ કરારમાં ગતિશીલ ઉતાર-ચઢાવ આવે તેને વોલેટિલિટી કહે છે. સામાન્ય રીતે, કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં વોલેટિલિટી જેમ વધારે તેમ તેના ભાવમાં વધારે ઉતાર-ચઢાવ આવે છે. ઓછી ટ્રેડ થતી કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં સક્રિય રીતે કોમોડીટીઝ/કોન્ટ્રાક્ટની સરખામણીમાં વધારે વોલેટિલિટી હોઇ શકે છે. વોલેટિલિટીના પરિણામે, તમારા ઓર્ડર આંશિક રીતે અમલ થાય અથવા બિલકુલ અમલ ન થાય તેવી શક્યતા રહે છે અથવા તમારો ઓર્ડર જે ભાવે અમલમાં મૂકાય તે ભાવ છેલ્લા ટ્રેડ થયેલા ભાવ કરતા ઘણો અલગ હોય અથવા ત્યારબાદ બદલાય તેવી શક્યતા રહે છે તેથી વાસ્તવિક નુકસાન થઈ શકે.

**ii. નીચી તરલતાનું જોખમ**

a. બજારના હિસ્સેદારો સ્પર્ધાત્મક ભાવે અને ઓછામાં ઓછા ભાવના તફાવતે ઝડપથી કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટનું વેચાણ અને/અથવા ખરીદી કરી શકે તેને તરલતા કહે છે. સામાન્ય રીતે, એવું માનવામાં આવે છે કે બજારમાં જેટલા પ્રમાણમાં ઓર્ડર વધારે હશે એટલી તરલતા વધુ રહેશે. તરલતા મહત્ત્વપૂર્ણ છે કારણ કે તરલતા વધારે હોય તો રોકાણકારો ઝડપથી અને ભાવના લઘુત્તમ તફાવત સાથે કોમોડીટી ડેરિવેટિવ્ઝની ખરીદી અને/અથવા વેચાણ કરી શકે છે, અને પરિણામે રોકાણકારોને ખરીદવામાં આવેલા કે વેચાયેલા કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ માટે વધુ સ્પર્ધાત્મક ભાવ મળવાની શક્યતા રહે છે. સક્રિય કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની સરખામણીમાં કેટલીક કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં તરલતાનું પ્રમાણ નીચું રહેવાનું જોખમ હોઇ શકે છે. પરિણામે, તમારા ઓર્ડર આંશિક રીતે અમલમાં મૂકાઇ શકે અથવા ભાવના મોટા તફાવત સાથે અમલમાં થઇ શકે કે બિલકુલ અમલ ન થાય તેવી શક્યતા રહે છે.

b. અમુક કોમોડીટીની ડિલવરી આપવી અને/અથવા લેવાના હેતુસ વગર વેચવા કે ખરીદવામાં પણ નુકસાન જવાની શક્યતા રહી શકે છે કારણ કે આવી સ્થિતિમાં કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ અપેક્ષિત ભાવના સ્તર કરતા નીચા/ઊંચા ભાવે વેચાયા/ખરીદાયા હોઈ શકે છે, જેથી આવી કોમોડીટીઝ ડિલિવર કરવાની / સ્વીકારવાની કોઇ ફરજ ન હોય.

**iii. વિસ્તૃત સ્પ્રેડનું જોખમ**

a. સ્પ્રેડ એ શ્રેષ્ઠ ખરીદ ભાવ અને શ્રેષ્ઠ વેચાણ ભાવ વચ્ચેનો તફાવત છે. તે કોમોડીટી ડેરિવેટિવ્ઝ ખરીદવાના ભાવ અને તરત વેચવાના તથા તેનાથી ઉંધી સ્થિતિમાં તફાવત દર્શાવે છે. ઓછા તરલ કે બિન તરલ કોમોડીટીઝ/ કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ માટે ઓછી તરલતા અને વધારે તરલતા હોય ત્યારે સામાન્ય કરતા વધારે સ્પ્રેડ થઈ શકે છે. તેનાથી અંતે વધુ સારા ભાવની રચનાને અસર થશે.

iv. **જોખમ ઘટાડતા ઓર્ડર**

a. મોટા ભાગના એક્સચેન્જો પાસે રોકાણકારો માટે "લિમિટ ઓર્ડર્સ", "સ્ટોપ લોસ ઓર્ડર" આપવાની સુવિધાઓ હોય છે. આવા ઓર્ડરો મૂકવા (જેમ કે "સ્ટોપ લોસ" ઓર્ડર અથવા "લિમિટ" ઓર્ડર) ઘણી વાર અસરકારક પુરવાર નહીં થાય કારણ કે બજારની સ્થિતિમાં ઝડપી હિલચાલથી આવા ઓર્ડરનો અમલ કરવો અશક્ય બની જશે.
b. વિરુદ્ધ બાજુએ કેટલા ઓર્ડર ઉપલબ્ધ છે, તેના આધારે ભાવ ગમે તે હોય, "માર્કેટ" ઓર્ડરનો તાત્કાલિક અમલ થશે, અને ગ્રાહકને "માર્કેટ" ઓર્ડરનું તત્કાળ અમલીકરણ મળી શકે છે પરંતુ અમલીકરણ બાકી રહેલ ઓર્ડરના ઉપલબ્ધ ભાવે થઈ શકે છે જે ઓર્ડરન જથ્થાને, ભાવના સમયની પ્રાથમિકતાના આધારે અલમમાં મુકાય છે. અહીં એ સમજવું આવશ્યક છે કે છેલ્લે ટ્રેડ થયેલા ભાવ કરતા અથવા તે કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના શ્રેષ્ઠ ભાવ કરતા આ ભાવ ઘણો અલગ હોઈ શકે છે.
c. "લિમિટ" ઓર્ડર ત્યારે જ અમલી બનશે જ્યારે તે ઓર્ડર માટે નક્કી કરાયેલી "લિમિટ" ના ભાવ અથવા વધુ સારા ભાવે પહોંચે. ગ્રાહકને ભાવમાં રક્ષણ મળે છે ત્યારે સાથે સાથે તે ઓર્ડર અમલ જ ન થાય તેવી પણ શક્યતા રહે છે.
d. સ્ટોપ લોસ ઓર્ડર સામાન્ય રીતે કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના વર્તમાન ભાવથી "દૂર" ના ભાવે મૂકાય છે અને આવા કોન્ટ્રાક્ટ સ્ટોપ પ્રાઈસ પર પહોંચે અથવા તે ભાવ પર ટ્રેડ થાય ત્યારે ઓર્ડર સક્રિય થાય છે. સામાન્યપણે સેલ સ્ટોપ ઓર્ડર ચાલુ ભાવથી નીચા ભાવે મૂકવામાં આવે છે, જ્યારે બાય સ્ટોપ ઓર્ડર ચાલુ ભાવથી ઊંચા ભાવે મૂકાય છે. જ્યારે કોન્ટ્રાક્ટ પૂર્વનિર્ધારિત ભાવે પહોંચે અથવા તે ભાવે ટ્રેડ થાય ત્યારે સ્ટોપ લોસ ઓર્ડર માર્કેટ/લિમિટ ઓર્ડરમાં રૂપાંતરિત થાય છે અને તે લિમિટ પર અથવા વધુ સારા ભાવે અમલી બને છે. લિમિટ ઓર્ડર અમલમાં આવશે જ તેની કોઈ ખાતરી નથી કારણ કે કોન્ટ્રાક્ટ પૂર્વનિર્ધારિત ભાવને છેદી શકે છે, અને આવા કિસ્સામાં આવા ઓર્ડર અમલમાં ન મૂકાય તેવી શક્યતા ઉભી થાય છે જે સામાન્ય લિમિટ ઓર્ડરમાં પણ હોય છે.

v. **સમાચારની જાહેરાત થવાનું જોખમ**

a. કોમોડિટીઝ અને/અથવા કોમોડિટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના ભાવને અસર કરી શકે તેવા સમાચારની જાહેરાત ટ્રેડર્સ/ ઉત્પાદનકર્તાઓ દ્વારા કરવામાં આવી છે. આ જાહેરાત ટ્રેડિંગ દરમિયાન થઈ શકે છે, અને નીચી તરલતા અને ઊંચી વોલેટિલિટી હોય ત્યારે કોમોડિટીઝ / કોમોડિટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના ભાવમાં અણધારી હકારાત્મક અથવા નકારાત્મક હિલચાલ થઈ શકે છે.

vi. **અફવાઓનું જોખમ**

a. કોમોડિટીના ભાવ અંગે બજારમાં ઘણી વાર મોઢેથી, અખબારો, વેબસાઈટ અથવા ન્યૂઝ એજન્સીઓ વગેરે દ્વારા અફવાઓ ફેલાય છે, રોકાણકારોએ સાવધ રહેવું જોઈએ અને અફવાઓના આધારે પગલાં ન લેવા જોઈએ.

vii. **સિસ્ટમનું જોખમ**

a. બજાર ખૂલે ત્યારે અને બંધ થાય તે પહેલાં ઘણી વાર ઊંચા વોલ્યુમમાં ટ્રેડિંગ થાય છે. આવું ઉંચું વોલ્યુમ દિવસમાં કોઈપણ સમયે રચાઈ શકે છે. તેનાથી ઓર્ડરના અમલીકરણ અથવા પુષ્ટિમાં વિલંબ થઈ શકે છે.
b. વોલેટિલિટીના સમયગાળામાં, બજારના હિસ્સેદારો તેમના ઓર્ડરનો જથ્થો અથવા ભાવો સતત સુધારતા રહે અથવા નવો ઓર્ડર મૂકતા રહે તો ઓર્ડરના અમલીકરણ અને તેની પુષ્ટિમાં વિલંબ થઈ શકે છે.
c. બજારની ચોક્કસ સ્થિતિમાં, પોઝિશનને બજારમાં વાજબી ભાવે અથવા કોઈપણ ભાવે વટાવવી મૂશ્કેલ અથવા અશક્ય બની શકે છે, જ્યારે ખરીદી કે વેચાણની બાજુએ કોઈ બાકી ઓર્ડર નીકળતા ન હોય અથવા કોઈ અસામાન્ય ટ્રેડિંગ પ્રવૃત્તિ અથવા કિંમત સર્કિટ લિમિટ ફિલ્ટરને સ્પર્શી જાય અથવા બીજું કોઈ કારણ હોય તેના કારણે કોમોડિટીઝમાં ટ્રેડિંગ અટકાવવામાં આવે.

viii. **સિસ્ટમ/નેટવર્ક ગીચ થઈ જવી**

a. એક્સચેંજમાં ટ્રેડિંગ ઈલેક્ટ્રોનિક રીતે, સેટેલાઈટ/લીઝ્ડ લાઈન આધારિત કોમ્યુનિકેશનથી થાય છે જેમાં ટેકનોલોજી તથા કમ્પ્યુટર સિસ્ટમ એમ બંનેનો સંયુક્તમાં ઉપયોગ કરીને ઓર્ડર પ્લેસ અને રૂટ કરવામાં આવે છે. તેથી, કોમ્યુનિકેશન નિષ્ફળ જવાની અથવા સિસ્ટમની સમસ્યા પેદા થવાની કે સિસ્ટમ તરફથી ધીમો કે વિલંબિત પ્રતિભાવ મળવાની કે ટ્રેડિંગ અટકી જવાની શક્યતા રહે છે અથવા કોઈ એવી સમસ્યા/ખામી પેદા થઈ શકે જેમાં ટ્રેડિંગ સિસ્ટમ/નેટવર્કને એક્સેસ કરી ન શકાય જે નિયંત્રણથી બહાર હોય અને જેનાથી પ્રોસેસિંગમાં વિલંબ થઈ શકે અથવા આંશિક રીતે કે પૂર્ણ રીતે ખરીદી કે વેચાણના ઓર્ડરનું પ્રોસેસિંગ ન થઈ શકે. તમને એ નોંધવા માટે સાવધ કરવામાં આવે છે કે આવી સમસ્યા કામચલાઉ પ્રકારની હોઈ શકે છે, પરંતુ તમારી પાસે બાકી રહેલી ઓપન પોઝિશન

અથવા અમલ ન થયેલા ઓર્ડર હોય ત્યારે તમામ એક્ઝિક્યુટ થયેલા સોદાને સેટલ કરવાની તમારી જવાબદારીના કારણે તમારા માટે જોખમી બની શકે છે.

**2. જયાં સુધી ભવિષ્યના કોમોડિટી ડેરિવેટિવ્ઝને લાગે વળગે છે ત્યાં સુધી, નીચેની વધારાની વિશેષતાઓની નોંધ કરો અને તમારી જાતને તેનાથી વાકેફ કરો:-**

**"લિવરેજ" અથવા "ગિયરિંગ" ની અસર:**

a. કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના મૂલ્યની સરખામણીમાં માર્જિનની રકમ બહુ નાની હોય છે, તેથી સોદા 'લિવરેજ' અથવા 'ગિયર્ડ' થાય છે. પ્રમાણમાં નાના માર્જિનથી કરવામાં આવતા કોમોડીટી ડેરિવેટિવ્ઝ સોદા, મુખ્ય રોકાણની રકમના સાપેક્ષમાં ભારે ખોટ અથવા નફો કરવાની શક્યતા ધરાવે છે. પરંતુ કોમોડીટી ડેરિવેટિવ્ઝમાં સોદા કરવામાં ભારે જોખમ રહેલું છે. તેથી કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં સોદા કરતા પહેલાં તમારે નીચેના નિવેદનને બરાબર સમજી લેવું જોઇએ અને પોતાના સંજોગો, નાણાકીય સ્ત્રોત વગેરેને ધ્યાનમાં રાખીને સાવધાનીથી ટ્રેડિંગ કરવાની સલાહ આપવામાં આવે છે.

b. ફ્યુચર્સ કોમોડીટી ડેરિવેટીવ્ઝમાં તમામ પોઝિશનનું દૈનિક સેટલમેન્ટ થાય છે. દરરોજ કિંમતના બંધ ભાવના આધારે ઓપન પોઝિશનને માર્કડ ટુ માર્કેટ કરવામાં આવે છે. જો કોન્ટ્રાક્ટ તમારાથી વિરુધ્ધ હોય તો, આવી હિલચાલથી તમને ગયેલા નુકસાન (કાલ્પનિક)ની રકમ તમારે જમા કરવી પડશે. આ માર્જીન નિર્ધારિત સમય-મર્યાદામાં ચૂકવવાની રહેશે, સામાન્ય રીતે બીજા દિવસે ટ્રેડિંગ શરૂ થવા અગાઉ ચૂકવવી પડશે.

c. જો તમે અંતિમ મર્યાદા સુધીમાં વધારાની માર્જીન જમા કરવામાં નિષ્ફળ જાવ કે તમારા એકાઉન્ટમાં દેવું બાકી નીકળતું હશે તો એક્સચેન્જના સભ્ય તમારી સમગ્ર કે આંશિક પોઝિશન વેચી શકે છે. આવા કિસ્સામાં, આવા વેચાણ/બંધ કરવાનાના કારણે તમને થયેલા નુકસાન બદલ તમે જવાબદાર રહેશો.

d. બજારની ચોક્કસ સ્થિતિમાં, રોકાણકારને સોદો કરવાનું મૂશ્કેલ અથવા અશક્ય જણાઈ શકે છે. ઉદાહરણ તરીકે, બિનતરલતા જેવા પરિબળોના કારણે આવી સ્થિતિ સર્જાઇ શકે છે જ્યારે અપૂરતા પ્રમાણમાં બિડ કે ઓફર હોય અથવા પ્રાઈસ લિમિટ કે સર્કિટ બ્રેકર વગેરના કારણે ટ્રેડિંગ રદ્દ કરવામાં આવ્યું હોય.

e. બજારમાં સ્થિરતા જાળવવા માટે માર્જિન રેટમાં ફેરફાર, કેશ માર્જિન રેટમાં વધારો જેવા પગલાં લઈ શકાય છે. આ નવા પગલાં વર્તમાન ઓપન ઈન્ટરેસ્ટને લાગુ થઈ શકે છે. આવી સ્થિતિમાં, તમારે વધારાનું માર્જિન મૂકવું પડશે અથવા તમારી પોઝિશન ઘટાડવી પડશે.

f. તમે તમારા એક્સચેન્જના સભ્યને તમે જેમાં ટ્રેડ કરવા માંગતા હો તે કોમોડિટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની તમામ વિગત પૂરી પાડવા જણાવી શકો છો, જેમ કે કોન્ટ્રાક્ટની વિશેષ માહિતી અને સંલગ્ન જવાબદારીઓ.

**3. વાયરલેસ ટેકનોલોજી અથવા અન્ય કોઈ ટેકનોલોજી મારફતે ટ્રેડિંગ:**

વાયરલેસ ટેકનોલોજી અથવા અન્ય કોઈપણ ટેકનોલોજી મારફતે કોમોડિટી ટ્રેડિંગ સાથે સંલગ્ન કોઈ પણ વિશેષતાઓ, જોખમો, જવાબદારીઓ, ફરજો અને બોજને કોઈ અન્ય રીતે વ્યાખ્યાયિત કરવામાં આવતું હોય તો સભ્ય મારફત તે ક્લાયન્ટના ધ્યાને લાવવું જોઇએ.

**4. સામાન્ય**

i. **જમા કરાવેલ રોકડ અને મિલકત:**
પેઢી દેવાદાર અથવા નાદાર બની જાય તેવી ખાસ ઘટનામાં તમારે તમે જમા કરાવેલ પૈસા અથવા અન્ય મિલકતને સુરક્ષા પૂરી પાડવા સાથે પરિચિત થવું જોઇએ. તમે તમારા પૈસા કે મિલકત વસૂલ કરી શકો તે હદ ચોક્કસ કાયદા અથવા સ્થાનિક નિયમો દ્વારા સંચાલિત કરી શકાય છે. કેટલાક અધિકારક્ષેત્રોમાં, મિલકત, કે જે ચોક્કસ પણે તમારી પોતાની કહેવાય છે, તે જે રીતે યથાયોગ્ય થઈ જશે, કારણ કે વિતરણ હેતુ રોકડમાં ઘડાડો થાય છે. એક્સચેન્જના સભ્ય સાથે કોઇ વિવાદ કિસ્સામાં, એ જ નિયમો, પેટાનિયમો અને વેપારના નિયમો મૂજબ આર્બિટ્રેશન વિષય રહેશે.

ii. **કમિશન અને અન્ય ચાર્જીસ:**
તમે ટ્રેડ કરવાની શરૂઆત કરો તે પહેલાં, તમારે કમિશનો, ફી અને અન્ય ચાર્જીસ કે જેના માટે તમે જવાબદાર હશો તે અંગે સ્પષ્ટ સમજણ મેળવશો. આ ચાર્જીસ તમારા ચોખ્ખા નફા (જો કોઇ હોય) તેને અસર કરશે અથવા તમારૂ નુકસાન વધારશે.

iii. સભ્યો / અધિકૃત વ્યક્તિઓ (Authorized Persons)/ ક્લાઈન્ટોના અધિકારો અને જવાબદારીઓ, કૃપયા *જોડાણ 3* સંદર્ભ લો.

iv. 'હિસ્સેદાર' શબ્દના અર્થમાં ક્લાયન્ટ, ગ્રાહક અથવા રોકાણકાર સામેલ છે જે એક્સચેંજ દ્વારા પૂરા પાડવામાં આવેલા મિકેનિઝમ મારફત સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ ખરીદવા અને/અથવા વેચવા સ્ટોક બ્રોકર સાથે સોદા કરે છે.

v. 'સભ્ય' શબ્દનો અર્થ ટ્રેડિંગ મેમ્બર, અથવા સભ્ય/બ્રોકર થાય છે, જેને એક્સચેંજ દ્વારા સામેલ કરવામાં આવેલ હોય અને જે SEBI નું નોંધણી પ્રમાણપત્ર મેળવેલ હોય.